# પૃથ્વી

અહીં પગરવે કણે-કણ અવાજો વિના,
અને ચરણ તો દિશા ગજવતા અમારાં, થયાં
અવાક્. રજમાં અદીઠ પગલાં વહેતાં, હવે
વહે સતત બ્હાર અંદર, જગાડતી એ ધરા.

ભલે ધખધખે, છતાં હરિત હસ્ત-સ્પર્શે સદા
ભમે, દિવસ-સાંજ-રાત, વસુધા થઈ મત્સ્ય જે.
વિરાટ પ્રસરે સદાય, કરતું બધું મર્ત્ય એ
છતાંય ચિરકાલ ગુંજન કરે, અમૂલા પથે.

અજાયબ ઘડી, વળી પ્રગટતી રહે કાળમાં
જુએ હરપળે અનંત, ઇતિહાસ ભૂગોળમાં!
વહે, વહન એ કરે, સહજનો જ ગુલાલ એ
ભમ્યા જ કરતી, ધરા અજબ કોઈ આધારથી.

પ્રયોજન અતાગ એ જ સમજાય ના પૃથ્વીનું
છતાં સમયનો અનાહત વહે, વહે નિત્ય આ!

■

# જળ

વહે જળ છતાં કશું પરિમલે નહીં ભીતરે,
ઊભાં જળ અને રચાય ન તળાવ ફૂલો લચ્યાં.
રચાય તળિયું નવું, વમળ જે પછી તોડતું,
અને પ્રસરતું સદા જળ પહાડ જે વીંધતું.

વળી અકળ નાદ જે સતત ઘૂઘવે ચોદિશા
સુકાય જળ તે પછી, રવરવે અવાજો બધાં.
પળેપળ પહોંચવા, વલખતું રહે ભૂતળે,
અપાર વરસાવતું સહજ સ્નેહ આકાશથી.

ધરે અગન આગ પંડ, પણ શીત સ્પર્શે છતાં,
ધુવે નિત નવીન ડાઘ, મલહીન પાણી રહે!
કરે હરિત ધાન, એ જ જળ જે નદી-સાગરે
ઝળાહળ થતું, છતાં રણ વધે જતું શ્વાસમાં.

નથી જળ જરા, નથી નજર ક્યાંય ભીની હવે
બહુ હલચલે પ્રવાહ યુગનો, ઝમે ના કશું.

■

# વાયુ

ઊંડા અતલ શ્વાસમાં સરકતી હવા ખોલતી
હવે અવનવા વળાંક, વળતા વહે વ્યોમમાં.
પ્રવેશ હળવે કરે, સકલ જોડવા ઝૂરતી
હંમેશ ફરતી ફરે, ક્ષણ-ક્ષણે રહે જીવતી.

તિરાડ તરસે અને તલસતાં હવે દ્વાર તે
હતાં સજડ બંધ જે, યુગયુગો પછી સંચરે.
અદૃશ્ય પણ એ છતાં હરફરી કરે સ્પર્શ એ
રહે ન અનુભૂતિ તો, મરણ જેમ લાગે હવા.

અજાણ પંથ વીંધતી, ગજવતી દિશાઓ દશે.
સરે પવન પોતે જે, સકલને કરે ભવ્ય એ
ભમે, જગતને ભરે, અકળ આજને ગર્ભમાં
ધરે, અફર આવતા સમયને વધાવે સદા.

નથી ચરણ તે છતાંય ભમતી રહે વેગથી,
ભરે શઢ અને ભમે ક્ષિતિજ પારનો શ્વાસ એ.

■

# ખડક

ઊભા ખડક જે કંઈ સમયથી, મથે પામવા
અજાણ પડઘા, રહે વલખતા થરો હાંફતા.
નહોર ભણકારના સતત કોરતા પથ્થરો,
ખરે ખડક સ્હેજ ને, કણે-કણે ખરે ભેખડો.

હવા, હવડ અંધકાર ઢસડે ગુફા બહાર ને
પ્રકાશ ભમતો રહે શિખરથી તળેટી સુધી.
અદૃશ્ય ક્ષણ લૂછતી, કણસતી તિરાડો બધી,
ઘણુંય મલકાય ખીણ, ખડકો ને કંદરા.

સુદૂર ઊડતાં વિહંગ લલચાવતાં ઊડવા,
નિનાદ જળનો વહે, જગવતો બધાં કોતરો.
અનાદિ પળ વિસ્મરે, અચળ વીર યોદ્ધો હવે,
વિરામ કરતો અજાયબ વિરાટ ઓળો બની.

સુકાન બનતો હવે, ખડક શૂન્યની નાવનું,
અજાણ સફરે ધસે, રજ-રજે ઊડે પર્વતો.

■

## પાંદડું

વિના કશીક ડાળ એ, લટકતું રહ્યું પાંદડું,
છતાં કણકણે, ઘણી તરસ, મૂળસોતી રહે.
કદીક વરસાદમાં પલળતું, ટહુકો કરે,
પછી અકળ મૌનમાં, સરી જઈ ઉનાળે સહે.

ધરા, અગન, વાયુ ને કિરણ, એ જ પાણી વહે
કશુંય અડકે નહીં, પળપળે સડ્યે જાય એ.
લહેર સઘળી વહે, અવનવી સુગંધો ભરી,
નહીં ફરકતું, જરા પણ અતીત ઝાંખો છતાં.

હવે પથ પરે, અમૂલ્ય નજરે ચડે ના કશું,
દશે તરફથી, રહે વમળ કાળના ભીંસતાં.
અને તણખલુંય ના ફણગવા ફરીથી ચહે,
છતાં દિવસ-રાત, એ જ અવકાશમાં ઝૂલતું.

ક્ષણે, મરણની ક્ષણે, જનમ ધારતું લાગતું,
અને તરફડી પળે-પળ, જીવે હવે પાંદડું.

■